એકસ્ટ્રા અફેર | રાજીવ પંડિત

rajeev.pandit@bombaysamachar.com

# મોદીનું નો રિપીટેશન, લાગ્યું તો તીર નહીં તો તુક્કો

ગુજરાતમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના મંત્રીમંડળની પસંદગીમાં નરેન્દ્ર મોદીએ ‘નો રિપીટ’ થિયરી કેમ અમલમાં મૂકી તેની ચોવટ હજુ ચાલુ છે. મોદીએ વિજય રૂપાણીની બીજી ટર્મના મંત્રીઓ પૂરતો ‘નો રિપીટ’ થિયરીનો અમલ કરીને રૂપાણી સરકારના બધા મંત્રીઓને સાગમટે કેમ રવાના કરી દીધા એ સવાલ પૂછાઈ રહ્યો છે. મોદીએ કોરોનાની બીજી લહેર વખતે રૂપાણી સરકારની નબળી કામગીરી માટે આખા મંત્રીમંડળને જવાબદાર ગણાવીને આ થિયરી અમલમાં મૂકી છે એવું ઘણાં માને છે તો ઘણાં વિધાનસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને જ્ઞાતિ અને ઝોનનાં નવાં સમીકરણ રચવા આ નિર્ણય લેવાયો હોવાનું કહે છે. જો કે વાસ્તવમાં તો મોદી લાંબા સમય પહેલાંથી આ પ્રયોગ કરવા માંગતા હતા ને હવે તક મળતાં તેમણે અમલ કરી દીધો છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ૨૦૧૭માં ભાજપ માંડ માંડ ઓકાશિયાં મારીને જીત્યો હતો. એ વખતે ભાજપ કોઈ પ્રયોગ કરવાની સ્થિતિમાં નહોતો. આ કારણે ભાજપે નવા મુખ્યમંત્રીની પસંદગીનો સમય આવ્યો ત્યારે મેલ કરવત મોચીના મોચીની જેમ પાછો વિજય રૂપાણી પર કળશ ઢોળ્યો હતો. મુખ્યમંત્રીપદ માટે વિજય રૂપાણીની પસંદગી કરી એટલે તેમના જોડીદાર નીતિન પટેલ ના વંકાય એટલે તેમને પણ પાછા નહીં આપીને એક પ્રયોગનો પ્રયત્ન કરેલો પણ નીતિન પટેલે વંકાઈને બગાવત કરી નાખતાં એ પ્રયોગ અભરાઈ પર ચડાવી દીધો હતો. હવે કોરોનાની બીજી લહેરના કારણે ભાજપના માથે માછલાં ધોવાતાં મોદીએ તક ઝડપીને એ પ્રયોગ કરી નાંખ્યો છે.

મોદીએ ‘નો રિપીટ’ થિયરી અમલમાં મૂકી તેની સામે નીતિન પટેલ કે કુમાર કાનાણી જેવા ગણ્યાગાંઠ્યા ભૂતપૂર્વ પ્રધાનોએ ગણગણાટ કરીને દબાયેલો તો દબાયેલો વિરોધનો સૂર કાઢ્યો છે પણ બીજા બધા ચૂપ છે. તેનું કારણ એ છે કે, મોદીએ જેમને લાત મારીને તગેડી મૂક્યા એ બધાની તાકાત મર્યાદિત છે ને વાસ્તવમાં તો ભાજપ વિના તેમની કોઈ હેસિયત જ નથી. ભાજપ પાસે ગુજરાતમાં અત્યારે કોઈ મોટો નેતા જ નથી. ભાજપ પાસે અત્યારે નેતાઓનો જે ફાલ છે તે બધા સૂંઠના ગાંગડે ગાંધી થયેલા છે. કેટલાક નેતા એવા છે કે જે વરસોથી ભાજપમાં હતા તેમાં મોટા નેતા ગણાયા. નીતિન પટેલ, ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, વિજય રૂપાણી વગેરે આ કેટેગરીના નેતા છે. બાકીના એવા છે કે જેમના પર મોદીસાહેબની નજર પડી ગઈ તેમાં તેમનો ઉદ્ધાર થઈ ગયો. સી.આર. પાટિલ, મનસુખ માંડવિયા વગેરે આ કેટેગરીના નેતા છે ને આ વાત ભાજપના ભૂતપૂર્વ રાષ્ટ્રીય પ્રમુખ તથા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને પણ લાગુ પડે છે.

અમિત શાહને તેમના ચમચા ચાણક્ય ગણાવે છે ને શાહે કેવી જબરદસ્ત વ્યૂહરચનાઓ બનાવીને ભાજપને મોટો બનાવ્યો તેની મનઘડંત વાતો ચલાવ્યા કરે છે પણ એક નક્કર વાસ્તવિકતા એ છે કે, ભાજપ જે કંઈ છે તે મોદીના કારણે છે ને મોદીની લોકપ્રિયતાના કારણે ભાજપ લોકસભામાં સળંગ બે વાર સ્પષ્ટ બહુમતી મેળવી શક્યો છે. વ્યૂહરચના ને રાજકીય દાવપેચની વાતો બધી બકવાસ છે. અમિત શાહની કહેવાતી મુત્સદ્દીગીરીની પોલ હમણાં બંગાળની ચૂંટણીમાં ખૂલી ગઈ હતી. છેલ્લા પાંચ વર્ષથી બંગાળમાં ધામા નાખીને પડેલા અમિત શાહ ભાજપને સો બેઠકોનો આંકડો પણ પાર નથી કરાવી શક્યા. ગુજરાતમાં ૨૦૧૭ની ચૂંટણી વખતે પણ આ જ હાલ હતા. એ વખતે પણ દોઢસો બેઠકોની વાતો કરનારા અમિત શાહ ભાજપને ત્રણ આંકડે પણ નહોતા પહોંચાડી શક્યા.

ટૂંકમાં અત્યારે ભાજપ પાસે એવો કોઈ નેતા નથી કે જે આખા ગુજરાત પર પોતાનો પ્રભાવ ધરાવતો હોય ને જેને લોકો બહુ સરળતાથી મુખ્યમંત્રીપદે સ્વીકારી લે. નીતિન પટેલે મુખ્યમંત્રીની પસંદગી પહેલાં કહેલું કે, મુખ્યમંત્રીપદે એવો નેતા હોવો જોઈએ કે જેને આખું ગુજરાત ઓળખતું હોય. ભૂપેન્દ્ર પટેલ એવા નેતા ચોક્કસ નથી પણ સામે ભાજપ પાસે દિગ્ગજ કહેવાય એવા બીજા નેતા પણ નથી એ વાસ્તવિકતા છે. બલકે મોટા ભાગના નેતા તો એવા છે કે જે ભાજપમાં ના હોય તો પોતાની વિધાનસભાની બેઠક પરથી પણ ના જીતી શકે. મુખ્યમંત્રીપદની રેસમાં જેમનાં નામ ગાજતાં હતાં એવા સી.આર. પાટિલ, નીતિન પટેલ, પરસોત્તમ રૂપાલા, મનસુખ માંડવિયા સહિતના બધા નેતા આ કેટેગરીના છે.

આ બધા નેતાના નામ પર લાગેલો ભાજપનો સિક્કો કાઢી નાખો તો બધા ઝીરો થઈ જાય. પરસોત્તમ રૂપાલા ને નીતિન પટેલ તો ભાજપના એકચક્રી શાસનના દિવસોમાં પણ વિધાનસભાની ચૂંટણીમાં ભૂંડી રીતે હારેલા છે. નીતિન પટેલ તો છેલ્લે ૨૦૧૭ની ચૂંટણીમાં પણ ફાંફાં મારીને માંડ માંડ જીત્યા હતા. મનસુખ માંડવિયા તો મોદીની મહેરબાનીના કારણે જ મોટા થયેલા છે. માંડવિયા કદી વિધાનસભા કે લોકસભાની છોડો પણ પંચાયતની ચૂંટણી લડ્યા જ નથી તેથી તેમની તો વાત જ ના થાય. સી.આર. પાટીલ નવસારીમાં છેલ્લી ત્રણ ટર્મથી જંગી બહુમતીથી જીતે છે પણ આ જીતમાં તેમની અંગત ઈમેજ જેટલું જ યોગદાન ભાજપના ઠપ્પાનું પણ છે જ.

આ સંજોગોમાં ભાજપ જૂના કોઈ માણસને મૂકે તો જીતની ગેરંટી છે જ નહીં તેથી મોદી પાસે એક વિકલ્પ કોઈ સાવ નવા જ માણસને બેસાડી દેવાનો હતો. ચાલે તો તીર નહીં તો તુક્કો. મોદીએ એ જ તુક્કો લડાવ્યો છે ને રૂપાણીને કાઢીને ભૂપેન્દ્ર પટેલને મૂકી દીધા છે. ભૂપેન્દ્ર પટેલ પર કળશ ઢોળવાનો વિકલ્પ એ રીતે એટલો ખરાબ નથી જ. ભાજપે મોદીને પસંદ કર્યા ત્યારે મોદી પણ સત્તાના રાજકારણમાં નવા જ હતા પણ તેમણે જૂના પહેલવાનોને ધૂળચાટતા કરીને પોતાનો સિક્કો કેવો જમાવ્યો એ નજર સામે છે. ભૂપેન્દ્ર પટેલ અને મોદી વચ્ચે હાલના તબક્કે સરખામણી ના થઈ શકે. અત્યારે આ સરખામણી ક્યાં રાજા ભોજ ને ક્યાં ગંગુ તેલી જેવી લાગે પણ રાજકારણમાં કોણ કેવું નિવડે તેનો અંદાજ કોઈ બાંધી શકતું નથી. ભૂપેન્દ્ર પટેલ મોદીને આંબી જાય ને મોદીના આ પ્રયોગની વાહ વાહ થઈ જાય એવું પણ બને.

મોદીએ આ પ્રયોગ કેમ કર્યો એ વિશે જાત જાતની ચોવટ ચાલે છે. મોદીના મનમાં શું ચાલતું હશે એ કળી શકાય તેમ નથી તેથી કોઈ ગમે તે વાતો કરે પણ ચોક્કસ કારણ તો કોઈ ના આપી શકે પણ મોદીએ ૨૦૨૨ની ગુજરાત વિધાનસભાની ચૂંટણી કરતાં વધારે તો ૨૦૨૪ની લોકસભાની ચૂંટણીને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લીધો હોય એવી શક્યતા વધારે છે. મોદીની નજર હવે ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી પર છે કેમ કે મોદીનું ભાવિ લોકસભાની ચૂંટણી સાથે સંકળાયેલું છે.

ભાજપ માટે અને ખાસ તો મોદી માટે અંગત રીતે પણ ૨૦૨૪ની લોકસભાની ચૂંટણી પ્રતિષ્ઠાનો પ્રશ્ન છે. આ ચૂંટણી ભાજપ હારે તો મોદીની આબરૂ ધૂળધાણી થઈ જાય. અત્યારે જે સ્થિતિ છે એ જોતાં એવી શક્યતા ઓછી છે પણ લોકમિજાજનું કંઈ કહેવાય નહીં. મોદી ૨૦૧૪ અને ૨૦૧૯માં સળંગ બે વાર ભવ્ય રીતે જીત્યા પછી હાર તેનાથી મોટી નાલેશી કોઈ ના હોય ને મોદી આ સ્થિતિ નથી ઈચ્છતા. તેના કારણે એ બધાં રાજ્યોમાં સખળડખળ થયેલાં ભાજપના તંત્રની સાફસૂફીમાં લાગ્યા છે. ઉત્તરાખંડ અને આસામમાં એ સાફસૂફી કર્યા પછી તેમણે ગુજરાતમાં એ ક્વાયત કરી છે. મોદી ગુજરાતમાં કોઈ ડખો ના થાય ને અણધાર્યા પરિણામ ના આવે તેવું ઈચ્છે છે. ગુજરાત મોદીનું પોતાનું ઘર છે ને ભાજપ વિધાનસભામાં અહીં હારે તો મોદી માટે કપરી હાલત થઈ જાય. મોદી માટે લોકસભાની ચૂંટણી પહેલાં ગુજરાતની હાર મોટો આંચકો કહેવાય. મોદી એવો આંચકો નથી ઈચ્છતા તેથી ગુજરાતમાં તેમણે મોટો પ્રયોગ કરી નાખ્યો.

ગુજરાતમાં અત્યારે જે સ્થિતિ છે એ જોતાં ભાજપ માટે કપરો કાળ છે તેનો અણસાર મોદીને મળ્યો જ હશે. આ સંજોગોમાં રૂપાણીને ચાલુ રાખીને હારવાનું પસંદ કરવા કરતાં એક પ્રયોગ કરીને સ્થિતિને સુધારવાનો પ્રયત્ન મોદીએ કર્યો હોય એ શક્યતા વધારે છે. આ પ્રયોગ ના ચાલી જાય ને ભૂપેન્દ્ર પટેલ તથા નવા મંત્રીઓ ડંકો વગાડી દે તો મોદીનો જયજયકાર થવાનો એ કહેવાની જરૂર નથી. મોદીએ દૂરંદેશી વાપરીને નો રિપીટ થિયરી અમલમાં મૂકી તેના કારણે ભાજપની ભવ્ય જીત થઈ એવું બધાં કહેવાનાં. માનો કે આ પ્રયોગ ના ચાલ્યો તો અપજશ બધો ભૂપેન્દ્ર પટેલ આણિ મંડળ પર આવશે. મોદી માટે મહત્ત્વની વાત એ છે કે, તેમને લોકસભાની ચૂંટણી પહેલાં ડેમેજ કંટ્રોલ કરવાની તક મળી જશે. એવું લાગે કે, નવા નથી ચાલ્યા તો આ જૂના ખેલાડીઓને પાછા લઈ આવતાં મોદીને કોણ રોકવાનું છે? ■

સુખનો પાસવર્ડ | આશુ પટેલ

ashu.patel@bombaysamachar.com

# કશું પ્રાપ્ત કરવાની કોશિશ વખતે વિઘ્ન આવે તો પણ આશા ન છોડવી જોઈએ

## એક પર્વતારોહક શિખર સુધી પહોંચતા અગાઉ જ થાકી ગયો ત્યારે...

**વાચકમાંથી** સ્વજન બનેલા એક મિત્રનો કોલ આવ્યો. તેણે કહ્યું કે ‘હું મારા ક્ષેત્રમાં સફળતા મેળવવા માટે બે દાયકાથી મથી રહ્યો છું પરંતુ હવે થાક લાગે છે. ૨૦૨૦ના વર્ષની શરૂઆતના મહિનાઓમાં મને લાગી રહ્યું હતું હતું કે હવે મારા સંઘર્ષનો અંત આવી રહ્યો છે ત્યાં જ કોરોનાને કારણે લૉકડાઉન આવી પડ્યું અને હું દસ વર્ષ પાછળ ધકેલાઈ ગયો. હવે મને લાગે છે મારે મહત્ત્વાકાંક્ષા છોડીને ઘર ચલાવવા માટે પૈસા મળી રહે એવો ધંધો અથવા નોકરી શોધીને બેસી જવું જોઈએ. બીજી બાજુ મને ક્યારેક એમ થાય છે કે મેં આટલા લાંબા સમય સુધી કોશિશ કરી છે તો હજી કોશિશ કરી જોઉં. પરંતુ મારા આર્થિક સંજોગો, ઘરના લોકો અને મિત્રોને કારણે મારું મન ઢીલું પડી જાય છે અને એમ થાય છે કે હવે હું કંઈ ઉકાળી નહીં શકું.’

મને તેની મનોસ્થિતિ સમજાઈ. મેં તેને કહ્યું કે ‘આટલા વર્ષો કાઢ્યા છે તો હજુ થોડો વધુ સમય સંજોગો સામે ઝઝૂમીને કોશિશ કરી લેવી જોઈએ.’

એમ છતાં તે દ્વિધામાં હતો એટલે મેં પછી તેને બર્ટાન્ડ રસેલની એક વાર્તા કહી.

રસેલની એ વાર્તામાં એક માણસ એક પર્વતના સર્વોચ્ચ શિખર સુધી પહોંચવા માટે પર્વતારોહણ શરૂ કરે છે. એ પર્વતની ટોચ નજીક પહોંચી ચૂક્યો છે. પરંતુ ત્યાં સુધી પહોંચતા પહોંચતા તે સખત રીતે થાકી જાય છે. અને તેને લાગે છે કે હવે હું એક ડગલું પણ આગળ વધીશ તો શ્વાસ તૂટી જશે.

તે જ્યાં ઊભો છે ત્યાં વચ્ચે એક મોટી શિલા છે. એ જોઈને તેને વધુ થાક લાગે છે. તેના મનમાં ઘડીક એવો વિચાર આવે છે કે હજી થોડો પ્રયાસ કરી જોઉં. વળી ફરી તેને એવો વિચાર આવે છે કે હું ટોચ પર પહોંચવાની આશામાંને આશામાં અત્યારે આ સ્થિતિમાં આવી પડ્યો છું. આગળ વધીશ તો ટકી નહીં શકું.

તેને ખબર નથી કે તેની અને એ ટોચની વચ્ચે માત્ર એ શિલા જ છે. અને તે એ શિલાની બાજુમાં થઈને થોડો ઉપર જાય તો ટોચ પર પહોંચી શકે એમ છે.

મને યાદ છે ત્યાં સુધી રસેલે એ વાર્તાનો અંત નહોતો આપ્યો. તેમણે એ વાર્તાના અંતમાં પ્રશ્ન પૂછ્યો હતો કે ‘તે થાકેલો પર્વતારોહક થોડો વધુ પ્રયાસ કરીને મંઝીલ સુધી પહોંચ્યો કે પછી તેણે નિરાશાને કારણે ઊંડી ખીણમાં ઝંપલાવી દીધું?’

દોસ્તો, માણસની સફળતા અને નિષ્ફળતાની વચ્ચેનું અંતર તેના વિચારો થકી જ કપાતું હોય છે. માણસ આશા સેવીને આગળ વધે તો તેની સફળતા મેળવવાની શકયતા રહેતી હોય છે અને માણસ નિરાશ થઈને કશું પડતું મૂકી દે તો તેણે નિષ્ફળતા સહન કરવી પડતી હોય છે.

બર્ટાન્ડ રસેલની વાત મેં વાચકમાંથી સ્વજન બનેલા તે મિત્રને કહી એટલે તેમણે કહ્યું કે ‘હું સમજી ગયો. હું ખીણમાં નહીં ઝંપલાવું. હું હજી સંઘર્ષ કરીશ. હું મારા પ્રયાસો છોડીશ નહીં. કોને ખબર કદાચ સફળતા મળવાની હોય અને હું એ જ વખતે પ્રયાસો છોડી દઉં.’ માણસ કશું પ્રાપ્ત કરવા માટે મથી રહ્યો હોય અને વચ્ચે વિઘ્ન આવે ત્યારે તેણે આશા ન છોડવી જોઈએ શક્ય છે કે સફળતા તેનાથી થોડા ડગલાં જ દૂર હોય. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(દક્ષિણાયન સૌર શરદઋતુ)

શનિવાર, તા. ૧૮-૯-૨૦૨૧

- ભારતીય દિનાંક ૨૭, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૨
- વિક્રમ સંવત ૨૦૭૭, શા. શકે ૧૯૪૨, ભાદ્રપદ સુદ-૧૨
- જૈન વીર સંવત ૨૫૪૭, માહે ભાદ્રપદ, તિથિ સુદ-૧૨
- પારસી શહેનશાહી રોજ ૪થો શહેરેવર, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૧
- પારસી કદમી રોજ ૪થો શહેરેવર, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૧
- પારસી ફસલી રોજ ૨જો બેહમન, માહે ૭મો મેહેર, સને ૧૩૯૦
- મુસ્લિમ રોજ ૧૦મો, માહે ૨જો સફર, સને ૧૪૪૩
- મીસરી રોજ ૧૧મો, માહે ૨જો સફર, સને ૧૪૪૩
- નક્ષત્ર :ધનિષ્ઠા મધ્યરાત્રિ પછી ક. ૨૭-૨૦ સુધી, પછી શતભિષા.
- ચંદ્ર : મકરમાં બપોરે ક. ૧૫-૨૫ સુધી પછી કુંભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મકર (ખ, જ), કુંભ (ગ, સ, શ, ષ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૭, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૮ સ્ટા. ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૩૭, અમદાવાદ ક. ૧૮ મિ. ૩૯ સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ સવારે ક. ૧૦-૨૬, રાત્રે ક. ૨૨-૩૪
- ઓટઃ બપોરે ક. ૧૬-૩૮, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૨૮ (તા. ૧૯)

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૭૭, ‘પરિધાવી’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૩, ‘પ્લવ’ નામ સંવત્સર, ભાદ્રપદ શુક્લ - ત્રયોદશી. શનિ પ્રદોષ, ગૌત્રી-રાત્રિ પ્રતારંભ, ત્રયોદશી ક્ષય તિથિ છે. પંચક પ્રારંભ બપોરે ક. ૧૫-૨૭. સૂર્ય મહાનક્ષત્ર ઉત્તરાફાલ્ગુની, વાહન મહિષી.

- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ પૂર્વનો પ્રવાસ વાવડિંગ ખાઇ પ્રારંભવો, વસુ દેવતાનું પૂજન, રત્ન ધારણ, ધાન્ય વેચવું, બી વાવવું, ખેતીવાડી, વૃક્ષ રોપવાં, શનિ દેવતાનું પૂજન, મહાવીર શ્રી હનુમાનજીનું પૂજન
- શ્રી ગણેશ મહાપર્વઃ શ્રી ગણેશ પર્વમાં શનિ પ્રદોષ વ્રતનો મહિમા અધિક છે. આજે શિવ પાર્વતી પૂજા, ભક્તિ, જાપ, નામ સ્મરણ, કિર્તન, રાત્રિ જાગરણ. આજે શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજાનો મહિમા છે. પુરુષ સુકત-શ્રી સુકત - શ્રી ગણેશ અથર્વશિર્ષમ્ અભિષેક. હે, ગણેશ, તમે સર્વ નંગલોનાં અધિષ્ઠાતા છિભ્ક્તનાંસર્વ વિઘ્નોને દુર કરનારા છો અને પાર્વતીનાં અંસભુત છો તેને હું નમસ્કાર કરું છું. જે જે મોદક આદિ નૈવેદ ધરીને દુર્વા અને રક્ત પુષ્પોથી આપનું પૂજન કરશે તેના સર્વ કાર્ય નિર્વિઘ્નતાથી સિદ્ધ થશ એમ બ્રહ્માજીએ સ્તુતિ કરેલ છે.
- જૈન તિથિ નોંધઃ અન્યત્ર આજ રોજ ભાદ્રપદ વદ-તેરશ
- આચમનઃ ચંદ્ર-બુધ ત્રિકોણ તીવ્ર બુદ્ધિ પ્રતિભા, ચંદ્ર-ગુરુ યુતિ દંભીપણું
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-બુધ ત્રિકોણ, ચંદ્ર-ગુરુ યુતિ.
- ગ્રહ ગોચરઃ સૂર્ય-કન્યા, મંગળ-કન્યા, બુધ-કન્યા, વક્રી ગુરુ-મકર, શુક્ર-તુલા, વક્રી શનિ-મકર, રાહુ-વૃષભ, કેતુ-વૃશ્ચિક, વક્રી હર્ષલ-મેષ, વક્રી નેપ્ચ્યુન-કુંભ, વક્રી પ્લુટો-મકર. ■

# ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના વધુ ૩૪,૪૦૩ કેસ નોંધાયા

*નવી દિલ્હી:* છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કોરોનાના નવા વધુ ૩૪,૪૦૩ કેસ નોંધાયા હોવાનું કેન્દ્રના આરોગ્ય મંત્રાલય દ્વારા શુક્રવારે સવારે આઠ કલાકે બહાર પાડવામાં આવેલા નિવેદનમાં જણાવવામાં આવ્યું હતું.

આ સાથે જ દેશમાં કોરોનાના કેસની સંખ્યાનો કુલ આંક ૩,૩૩,૮૧,૭૨૮ થઈ ગયો હતો.

૨૪ કલાકમાં કોરોનાના સક્રિય કેસમાં ૩,૮૬૭નો ઘટાડો નોંધાયો હતો. દેશમાં કોરોનાના સક્રિય કેસનો આંક ઘટીને ૩,૩૯,૦૫૬ થયો હતો. જે દેશમાં નોંધાયેલા કુલ કેસના ૧.૦૩ ટકા જેટલો હતો.

દેશમાં ૨૪ કલાકમાં કોરોનાને કારણે વધુ ૩૨૦ જણનાં મોત થયાં હતાં.

આ સાથે જ દેશમાં અત્યાર સુધીમાં કોરોનાને કારણે મૃત્યુ પામેલા લોકોનો આંક વધીને ૪,૪૪,૨૪૮ થઈ ગયો હતો. દેશમાં કોરોનાને કારણે મૃત્યુ પામનારાઓનો દર ૧.૩૩ ટકા રહ્યો હતો.

દેશમાં કોરોનાના દરદીઓનો સાજા થવાનો દર ૯૭.૬૪ ટકા રહ્યો હતો.

દેશમાં કોરોનાથી સાજા થનારા દર્દીઓનો આંકડો વધીને ૩,૨૫,૬૦,૪૭૪ થયો હતો.

દેશમાં અત્યાર સુધીમાં વૅક્સિનના ૭૭.૨૪ કરોડ ડૉઝ આપવામાં આવ્યા છે. (એજન્સી) ■

# લદાખની મડાગાંઠ જલદી ઉકેલવા ભારતનો અનુરોધ

*નવી દિલ્હી અને બીજિંગ:* ભારતના વિદેશ પ્રધાન એસ. જયશંકરે ચીનના વિદેશ પ્રધાન વાંગ યીને જણાવ્યું હતું કે ભારત અને ચીન વચ્ચેના સંબંધ ફરી સુધારવા માટે સરહદ પરના પૂર્વ લદાખ વિસ્તારની મડાગાંઠ જલદી ઉકેલીને શાંતિ સ્થાપવી જરૂરી છે.

એસ. જયશંકરે તાજિકિસ્તાનની રાજધાની દુશાંબે ખાતે શાંઘાઇ કૉઑપરેશન ઑર્ગેનાઇઝેશન (એસસીઓ)ની શિખર પરિષદ વખતે વાંગ યીની સાથે દ્વિપક્ષી સહિતના વિવિધ મુદ્દે ચર્ચા કરી હતી.

ભારતના વિદેશ પ્રધાને જણાવ્યું હતું કે ચીને ભારત સાથેના દ્વિપક્ષી સંબંધને ‘ત્રીજા દેશની નજરે’ જોવાનું ટાળવું જોઇએ. ચીન આ બાબતમાં સહમત થયું હતું.

ચીને જણાવ્યું હતું કે ભારત અને ચીન વચ્ચેના દ્વિપક્ષી સંબંધ કોઇ ત્રીજા દેશના દૃષ્ટિકોણ પર આધારિત ન હોવા જોઇએ.

ચીનના વિદેશ મંત્રાલયના નિવેદનમાં જણાવાયું હતું કે આપણા વિદેશ પ્રધાન વાંગ યીએ આશા વ્યક્ત કરી હતી કે બન્ને દેશ વચ્ચે શાંતિ અને સ્થિરતા સ્થાપવા માટે સરહદનો વિવાદ ઉકેલવા માટે ભારત આગળ આવશે. (એજન્સી) ■

# ઈન્ડિયન યુથ કૉંગ્રેસે મોદીનો જન્મદિન ‘નેશનલ અનએમ્પ્લોયમેન્ટ ડે’ તરીકે ઉજવ્યો

*નવી દિલ્હી:* ઈન્ડિયન યુથ કૉંગ્રેસ (આઈવાયસી)એ શુક્રવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ૭૧મા જન્મદિનની ઉજવણી ‘નેશનલ અનઍમ્પ્લોયમેન્ટ ડે’ તરીકે કરી હતી. રોજગારને નામે મોદી સરકાર છેલ્લાં સાત વર્ષથી જુઠ્ઠાણું ચલાવી રહી હોવાનો તેમણે આક્ષેપ કર્યો હતો.

ઈન્ડિયન યુથ કૉંગ્રેસ (આઈવાયસી)ના ‘હલ્લા બોલ’ કાર્યક્રમને બેરોજગારી વિરુદ્ધની ક્રાન્તિ લેખાવતા આઈવાયસીના રાષ્ટ્રીય પ્રમુખ શ્રીનિવાસે કહ્યું હતું કે મોદી સરકારના શાસનકાળમાં બેરોજગારીના પ્રમાણમાં અસાધારણ વધારો થયો છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીના જન્મદિન નિમિત્તે બેરોજગારી વિરુદ્ધ ક્રાન્તિ થઈ રહી છે.

ચાચા નહેરુનો જન્મદિન ‘બાળદિન’ તરીકે ઉજવાય છે, પરંતુ દેશમાં બેરોજગારી વધારનાર વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો જન્મદિન ‘બેરોજગાર દિન’ તરીકે ઉજવવામાં આવશે, એમ તેમણે કહ્યું હતું.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જીડીપી દર વધારવાને બદલે દેશમાં બેરોજગારી વધારી છે.

દેશનો જીડીપી તળિયે અને બેરોજગારી આસામાને છે તેવા સમયે દેશના યુવાનોને છેતરવાને બદલે મોદી સરકારે લોકોને રોજગાર પૂરો પાડવો જોઈએ, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી) ■

## પહેલા પાનાનું ચાલુ

### પેટ્રોલ-ડીઝલ

છે. જોકે, તેલ કંપનીઓએ એ કારણે અત્યાર સુધી પેટ્રોલ અને ડીઝલના છૂટક ભાવમાં કોઈ ફેરફાર નહોતો કર્યો.

આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડતેલનો ભાવ આ જ સ્તરે રહેશે તો તેલ કંપનીઓને પેટ્રોલ અને ડીઝલનો ભાવ વધારવાની ફરજ પડશે, એમ તેમણે કહ્યું હતું.

છેલ્લે અનુક્રમે ૧૫ અને ૧૭ જુલાઈએ પેટ્રોલ અને ડીઝલના છૂટક ભાવમાં વધારો કરવામાં આવ્યો હતો.

હાલ દિલ્હીમાં પેટ્રોલનો ભાવ પ્રતિલિટર રૂ. ૧૦૧.૧૯ અને ડીઝલનો ભાવ પ્રતિલિટર રૂ. ૮૮.૬૨ છે.

કોવિડ-૧૯ સામેની દવાને જીએસટીમાં અપાયેલી મુક્તિને ૩૧ ડિસેમ્બર સુધી લંબાવાઇ હતી.

ઝોલોગેન્સ્મા અને વિલ્ટેપ્સો જેવી જીવન-રક્ષક દવાને જીએસટીમાંથી મુક્તિ અપાઇ છે.

કેન્સરને લગતી દવાઓ પરનો જીએસટી ૧૨ ટકાથી ઘટાડીને પાંચ ટકા કરવાનો નિર્ણય કરાયો હતો.

દેશમાં જીએસટીની ઑગસ્ટમાં રૂપિયા ૧.૧૨ લાખ કરોડની અને જુલાઇમાં રૂપિયા ૧.૧૬ લાખ કરોડની આવક થઇ હતી. (એજન્સી) ■

### જન્મદિવસની ભેટ

સામેની રસીના એક કરોડથી વધુ ડૉઝ આપવાનું કાર્ય જ બતાવે છે કે દેશમાં બહુ જ ઝડપથી રસીકરણ કરાય છે.

અગાઉ, મનસુખ માંડવિયાએ ગુરુવારે જણાવ્યું હતું કે વડા પ્રધાન મોદીના શુક્રવારે આવતા જન્મદિને મોટા પાયે રસીકરણ કરીને તેમને સારી ભેટ આપીશું.

ભારતીય જનતા પક્ષ (ભાજપ)એ પોતાના દેશભરમાંના નેતાઓને મોદીના જન્મદિને મોટા પાયે રસીકરણનું આયોજન કરવા અનુરોધ કર્યો હતો. (એજન્સી) ■

### મોદીનો અનુરોધ

જોડાણને આગળ વધારવાની જરૂર છે, પરંતુ આ દેશો વચ્ચેના સંયુક્ત પ્રકલ્પ પારદર્શક અને બધા દેશની પ્રાદેશિક અખંડતાને ધ્યાનમાં રાખીને હોવા જોઇએ.

વડા પ્રધાને જણાવ્યું હતું કે શાંઘાઇ કૉઑપરેશન ઑર્ગેનાઇઝેશન (એસસીઓ)ના વીસમા વર્ષે આ સંગઠનના વધુ સારા ભાવિ અંગે વિચારણા કરવી જોઇએ.

તેમણે જણાવ્યું હતું કે હું માનું છું કે આપણા વિસ્તારમાં શાંતિ, સલામતી અને વિશ્વાસનો અભાવ મુખ્ય પડકાર છે અને તેને લીધે કટ્ટરપંથીઓને લગતી સમસ્યા વધી છે.

અફઘાનિસ્તાનમાંની તાજેતરની સમસ્યાએ આ બાબતને સમર્થન આપ્યું છે. શાંઘાઇ કૉઑપરેશન ઑર્ગેનાઇઝેશન (એસસીઓ)ના સભ્ય દેશોએ આ સમસ્યા ઉકેલવા માટે સંયુક્ત અસરકારક પગલાં લેવાની જરૂર છે.

મોદીએ જણાવ્યું હતું કે આપણે ઇતિહાસ પર નજર કરીએ તો આપણને જણાશે કે મધ્ય એશિયા ભૂતકાળમાં પણ પ્રગતિશીલ સંસ્કૃતિ અને સારા મૂલ્યનું જતન કરનારો વિસ્તાર હતો. અહીં જ સૂફી સંપ્રદાય અને તેને લગતી સંસ્કૃતિ વિકસી હતી અને વિશ્વભરમાં ફેલાઇ હતી. (એજન્સી) ■

### ન્યુ ઝીલેન્ડ ટીમ

(પીસીબી)ને મોટો ઝટકો લાગશે, પણ ખેલાડીઓની સુરક્ષા સર્વોપરિ છે અને અમે માનીએ છીએ કે હાલમાં આ જ એકમાત્ર જવાબદાર વિકલ્પ છે.

પીસીબીએ ટ્વીટ કર્યું હતું કે ન્યૂ ઝીલેન્ડ દ્વારા એકતરફી રીતે સિરીઝ પાછી ઠેલવાનો નિર્ણય લેવાયો છે.

પાકિસ્તાનના વડા પ્રધાન ઇમરાન ખાને ન્યૂ ઝીલેન્ડના વડા પ્રધાન જેસિંડા આર્ડેર્ન સાથે ફોન પર વાત કરી હતી અને મુલાકાતી ટીમના ખેલાડીઓની સુરક્ષાની ખાતરી આપી હતી.

સુરક્ષા જોખમોને ટાંકીને પાકિસ્તાનનો પ્રવાસ રદ કરનાર ન્યૂ ઝીલેન્ડના નિર્ણયથી ગુસ્સે ભરાયેલા પાકિસ્તાન ક્રિકેટ બૉર્ડ (પીસીબી)ના અધ્યક્ષ રમીઝ રાજાએ આ મામલો આઇસીસીમાં લઇ જવાની ધમકી આપી હતી. આઇસીસીનું નેતૃત્વ હાલમાં ન્યૂ ઝીલેન્ડના હાથમાં છે. (પીટીઆઇ) ■

### બીકેસી

ડોક્ટરોએ કહ્યું હતું કે કામદારોની તબિયત સ્થિર છે.

બીકેસી વિસ્તારમાં તેમ જ પૂર્વ-પશ્ચિમને જોડતા માર્ગ પર ટ્રાફિકની સમસ્યા દૂર કરવા સાંતાક્રુઝ-ચેમ્બુર લિંક રોડ પર ફ્લાયઓવર બાંધવામાં આવી રહ્યો છે.

રાજ્યના પર્યાવરણ અને પર્યટન પ્રધાન આદિત્ય ઠાકરેએ કહ્યું હતું કે મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) આ દુર્ઘટનાની તપાસ કરશે. એમએમઆરડીએ પંદર દિવસમાં તપાસ પૂરી કરશે અને બેદરકારી બદલ અથવા અન્ય કારણસર કોઇ જવાબદાર હશે તો તેની સામે કાર્યવાહી કરવામાં આવશે. તેમણે ટ્વીટમાં જણાવ્યું હતું કે ઇજાગ્રસ્ત કામદારોની સુરક્ષા અમારી અગ્રતા રહેશે. તેઓ સુરક્ષિત અને સાજા છે.

એમએમઆરડીએના મેટ્રોપોલિટન કમિશનર એસ.વી.આર. શ્રીનિવાસે કહ્યું હતું કે બેરિંગ એક તરફ ઝૂકી જવાથી ફ્લાયઓવરનો ગર્ડર થોડો સરકી ગયો હતો.

આ અંગે તપાસ કરવામાં આવશે અને જરૂરી પગલાં ગંભીરતાપૂર્વક લેવાશે. આવી ઘટના જવલ્લે જ બનતી હોય છે. આવું થવું ન જોઇએ. અમે વિગતવાર તપાસ કરીશું અને જવાબદારો સામે પગલાં લેવાશે. (પીટીઆઇ) ■

### અકાલી દળ

લઈ જવામાં આવી હતી.

શુક્રવારની પ્રદર્શન કૂચ કૃષિ કાયદા અંગેની અસહમતીનું પ્રતીક જ નથી, પરંતુ તેને આપખુદ સરકારના મૂળમાં ઘા કરવાની ઐતિહાસિક ઘટના તરીકે યાદ કરવામાં આવશે, તેવું બાદલે કહ્યું હતું.

શિરોમણી અકાલી દળના પ્રમુખે ટ્વિટર પરના સંદેશામાં જણાવ્યું હતું કે ખેડૂતોને ન્યાય અપાવવા કરવામાં આવેલા બળવાના આરંભ દિન તરીકે આ દિવસની ઉજવણી કરવા આપણે એક થઈએ.

પાર્લામેન્ટ સ્ટ્રીટ પોલીસ સ્ટેશન પાસે શિરોમણી અકાલી દળના પ્રમુખ સુખબિરસિંહ બાદલ, ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન હરસિમરત કૌર બાદલ અને પક્ષના અન્ય ૧૫ નેતાને અટકાયતમાં લેવામાં આવ્યા હતા, એમ દિલ્હીના ડીસીપી દીપક યાદવે કહ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર કોરોનાની માર્ગદર્શિકાનો ભંગ કરવા બદલ આ તમામને અટકાયતમાં લેવામાં આવ્યા હતા.

જોકે, બાદમાં તેમને છોડી દેવામાં આવ્યા હતા, એમ તેમણે કહ્યું હતું.

પ્રદર્શન કૂચને કારણે દિલ્હીના અનેક વિસ્તારમાં ટ્રાફિકની સમસ્યા સર્જાઈ હતી. (એજન્સી) ■